For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ગાયકવાડી વારસાના સંરક્ષણ માટે મહત્વાકાંક્ષી હેરિટેજ પ્રોજેક્ટ, રિસ્ટોરેશન કામગીરીની લેવાઈ સમીક્ષા

# ઐતિહાસિક 'લાલ કોર્ટ'ને મળશે નવું જીવન હેરિટેજ ઈમારતમાં બનશે આર્ટ ગેલેરી અને મ્યુઝિયમ

**મોદી** સરકારના 12 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત ઐતિહાસિક ઇમારતની મુલાકાત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 13

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના સેવા, સુશાસન અને વિકાસના 12 સફળ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં વિવિધ વિકાસલક્ષી અને જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે શનિવારે વડોદરાની ઐતિહાસિક અને ગૌરવશાળી 'લાલ કોર્ટ' પરિસરની વિશેષ મુલાકાત અને સંયુક્ત નિરીક્ષણ કાર્યક્રમ યોજાયો હતો.

વડોદરાના હૃદયસ્થાને આવેલી લાલ કોર્ટની ભવ્ય ઈમારતને તાજેતરમાં જ હેરિટેજનો દરજ્જો પ્રાપ્ત થયો છે. શહેરની આ અમૂલ્ય ઐતિહાસિક ધરોહરના જતન, સંરક્ષણ અને ભાવિ વિકાસની કામગીરીની સમીક્ષા કરવા માટે શહેરના અગ્રણી લોકપ્રતિનિધિઓ તથા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે શહેરના દંડક બાળ શુક્લા, , મેયર, ડેપ્યુટી મેયર, શાસક પક્ષના નેતા તેમજ સ્થાનિક વોર્ડના કાઉન્સિલરો ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીઓ અને એન્જિનિયરોની ટીમ પણ જોડાઈ હતી.

લાલ કોર્ટ પરિસરને માત્ર ઐતિહાસિક સ્મારક તરીકે જ નહીં, પરંતુ શહેરના સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસાવવા માટે અહીં ભવ્ય આર્ટ ગેલેરી અને આધુનિક મ્યુઝિયમ બનાવવાની યોજના છે. આ પ્રોજેક્ટ દ્વારા ગાયકવાડી યુગના સમૃદ્ધ વારસાને જાળવી રાખવા સાથે તેને જનસામાન્ય માટે વધુ સુલભ બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

મુલાકાત દરમિયાન લોકપ્રતિનિધિઓ અને અધિકારીઓએ રિસ્ટોરેશન અને કન્ઝર્વેશનની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. હેરિટેજ માળખાની મૂળ ઓળખ જળવાઈ રહે તે રીતે વિકાસ કાર્યો હાથ ધરવા તેમજ પ્રોજેક્ટને સમયમર્યાદામાં અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

લોકપ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે વડોદરાની ઐતિહાસિક ઓળખ અને ગાયકવાડી વારસો શહેરની અમૂલ્ય સંપત્તિ છે. આવી ધરોહરોનું સંરક્ષણ અને સંવર્ધન કરીને તેને આગામી પેઢીઓ માટે પ્રેરણારૂપ બનાવવાની જવાબદારી સૌની છે. લાલ કોર્ટનો આ હેરિટેજ પ્રોજેક્ટ વડોદરાના સાંસ્કૃતિક અને પર્યટન ક્ષેત્રને નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.




શનિવારે વડોદરાની ઐતિહાસિક અને ગૌરવશાળી 'લાલ કોર્ટ' પરિસરની શહેરના દંડક બાળ શુક્લા, , મેયર, ડેપ્યુટી મેયર, શાસક પક્ષના નેતા તેમજ સ્થાનિક વોર્ડના કાઉન્સિલરો, કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીઓ અને એન્જિનિયરોની ટીમે વિશેષ મુલાકાત અને સંયુક્ત નિરીક્ષણ કર્યો હતો.

### 'હેરિટેજ ન્યાય મંદિરના સંરક્ષણ માટે વર્ષોથી લડત, હવે મૂળ યોજના બદલવાનો પ્રયાસ'

## ન્યાય મંદિરને અવગણી લાલ કોર્ટમાં મ્યુઝિયમ બનાવવાનો નિર્ણય અન્યાયી: નવચેતના ફોરમ

**'માંડવી,** ન્યાય મંદિર અને લહેરીપુરા દરવાજા જેવા ઐતિહાસિક સ્મારકોને પ્રાથમિકતા આપવી જોઈએ'

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરની ઐતિહાસિક ઓળખ સમાન ન્યાય મંદિર ઈમારતના સંરક્ષણ અને વિકાસના મુદ્દે સામાજિક કાર્યકર કીર્તિભાઈ પરીખે તીવ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું છે કે ન્યાય મંદિર મહારાજા સયાજીરાવ ગાયકવાડ દ્વારા નિર્મિત એક ભવ્ય અને ઐતિહાસિક હેરિટેજ ઈમારત છે, જેમાં બરોડા સિટી મ્યુઝિયમ બનાવવાનો સેવાસદનનો જૂનો ઠરાવ પણ અસ્તિત્વમાં છે.

તેમણે જણાવ્યું હતું કે ન્યાય મંદિર ખાલી થયા બાદ તેની જર્જરિત હાલતને લઈને નવચેતના ફોરમ તથા હેરિટેજપ્રેમીઓ દ્વારા સતત રજૂઆતો



કરવામાં આવી હતી. આ રજૂઆતોના પરિણામે તે સમયના મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી સમક્ષ પૂર્વ સેવાસદન પ્રમુખ વિજયભાઈ શાહ તથા મંત્રી સુનિલભાઈ સોલંકીના પ્રયાસોથી શહેરના પાંચેય ધારાસભ્યો સાથે બેઠક યોજાઈ હતી અને ન્યાય મંદિરના સંરક્ષણ માટે મંજૂરી મેળવવામાં આવી હતી.

કીર્તિભાઈ પરીખના જણાવ્યા મુજબ તે સમયના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કલેક્ટર શાલિનીબેન અગ્રવાલને ન્યાય મંદિરના સંચાલન અને જાળવણીની જવાબદારી સોંપી હતી. તેમ છતાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ કારણોસર કામગીરીમાં વિલંબ થયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે આક્ષેપ કર્યો હતો કે હવે ન્યાય મંદિરને બદલે લાલ કોર્ટ ખાતે મ્યુઝિયમ બનાવવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે, જે મૂળ હેતુ અને હેરિટેજ સંરક્ષણની ભાવનાથી વિપરીત છે. તેમના મતે શહેરમાં માંડવી, ન્યાય મંદિર અને લહેરીપુરા દરવાજા જેવી ઐતિહાસિક ઈમારતો જર્જરિત હાલતમાં છે અને તેમના સંરક્ષણને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

કીર્તિભાઈ પરીખે જણાવ્યું હતું કે ઐતિહાસિક મહત્વ ન ધરાવતી ઈમારતમાં મ્યુઝિયમ બનાવવા માટે ખર્ચ કરવાને બદલે શહેરની મૂળ ધરોહરનું સંવર્ધન કરવું જોઈએ. તેમણે મીડિયા સમક્ષ પણ હકીકતોને ઉજાગર કરવાની અપીલ કરી હતી.

### બ્યુટીફિકેશનના દાવા પોકળ સાબિત થયા

# સુરસાગર તળાવમાં ફરી સામૂહિક રીતે માછલીઓ મરેલી હાલતમાં તરતી દેખાઈ

**ઓક્સિજનની** અછતને કારણે કાચબાનું પણ મોત થતાં લોકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરની મધ્યમાં આવેલું અને સંસ્કારી નગરીની શાન ગણાતું ઐતિહાસિક સુરસાગર તળાવ ફરી એકવાર વિવાદના વમળમાં સપડાયું છે. આજે વહેલી સવારે સુરસાગર તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓ અને કાચબા મરેલી હાલતમાં પાણીની સપાટી પર તરતા જોવા મળતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. માછલીઓની સાથે સાથે નિર્દોષ કાચબાનું પણ મોત નીપજ્યું હોવાનું સામે આવતાં પ્રકૃતિપ્રેમીઓ અને સ્થાનિક નાગરિકોમાં ભારે નારાજગી અને આક્રોશ વ્યાપી ગયો છે.

તળાવના પાણીમાં સામૂહિક રીતે માછલીઓના મોત થવાને કારણે



સમગ્ર સુરસાગર વિસ્તારમાં તીવ્ર અને અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે. આ દુર્ગંધના લીધે ત્યાંથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ અને આસપાસના સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને તેમનું જીવવું દુભર બન્યું છે. સ્થાનિક લોકોએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સામે આંગળી ચીંધતા જણાવ્યું છે કે, તંત્ર દ્વારા સુરસાગર તળાવના બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાના આંધણ કરવામાં આવ્યા છે, પરંતુ તેની યોગ્ય જાળવણી કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

સૌથી ગંભીર બાબત એ છે કે, તળાવના પાણીમાં ઓક્સિજનનું સ્તર જળવાઈ રહે તે માટે લાખોના ખર્ચે મૂકવામાં આવેલા ઓક્સિજન પંપ અવારનવાર બંધ હાલતમાં જોવા મળે છે. પંપ લાંબા સમય સુધી બંધ રહેવાના કારણે પાણીમાં ઓક્સિજનની ભારે અછત સર્જાય છે, જેના પરિણામે જળચર જીવો ગૂંગળામણને કારણે દમ તોડી દે છે. સુરસાગર તળાવમાં મૂગા જીવોના મોતોનો આ કોઈ પ્રથમ બનાવ નથી. આ પૂર્વે પણ અનેકવાર વહીવટી તંત્રની આવી જ ઘોર બેદરકારીને લીધે સેંકડો માછલીઓએ જીવ ગુમાવ્યા છે. વારંવાર બનતી આ હૃદયદ્રાવક ઘટનાઓ પછી પણ કોર્પોરેશનનું તંત્ર ઘોર નિદ્રામાં પોઢેલું હોય તેમ લાગી રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે આ સિલસિલાબદ્ધ મોતોને રોકવા માટે તંત્ર ક્યારે જાગશે અને કોઈ નક્કર પગલાં ભરશે ખરા?

## છાયાપુરી-પિલોલ બ્લોકથી મેમુ રદ, સ્પે. ટ્રેન મોડી દોડશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 13

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ હેઠળ વડોદરા-ગોધરા રેલખંડ પર છાયાપુરી અને પિલોલ સ્ટેશન વચ્ચે આવેલા પુલ નં. 10A પર સ્ટીલ ગર્ડરને PSC સ્લેબથી બદલવાની કામગીરી માટે બ્લોક લેવામાં આવનાર છે. આ કામગીરીને કારણે 14 જૂનના રોજ કેટલીક ટ્રેનોના સંચાલન પર અસર પડશે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારીના જણાવ્યા મુજબ, 14 જૂને વડોદરાથી ઉપડતી ગાડી નં. 69117 વડોદરા-દાહોદ મેમુ ટ્રેન વડોદરા અને ગોધરા વચ્ચે રદ રહેશે. ઉપરાંત, તે જ દિવસે ઉધનાથી ઉપડતી ગાડી નં. 09031 ઉધના-હસનપુર રોડ સ્પેશિયલ ટ્રેન 2 કલાક 15 મિનિટ મોડી દોડશે.

રેલવે તંત્રએ મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનોના સમય, સ્ટોપેજ અને વાસ્તવિક સ્થિતિ અંગેની માહિતી ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ અથવા રેલવન એપ પરથી મેળવી લેવા અપીલ કરી છે.

### બાર વણઝારથી પરત ફરી રહ્યા હતા

# વડોદરાની કાર કેનાલમાં ખાબકી ૧નું મોત : ૩નો આબાદ બચાવ



**સ્ટીયરિંગ** પરથી કાબૂ ગુમાવતા કાર ઊંડી કેનાલમાં ગરકાવ, પાણીમાં ડૂબી જતાં યુવાનનું કરુણ મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 13

નર્મદા જિલ્લાના રાજપીપળા નજીક આવેલા પ્રખ્યાત બાર વણઝાર ધોધ ખાતે ફરવા ગયેલા વડોદરાના ચાર મિત્રો માટે રવિવારનો દિવસ કરુણ સાબિત થયો હતો. પ્રકૃતિના સૌંદર્યની મજા માણીને પરત ફરી રહેલા યુવકોની કાર કેનાલમાં ખાબકતા એક યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ મિત્રોનો ચમત્કારિક બચાવ થયો હતો. આ ઘટનાએ મૃતકના પરિવારજનો સહિત સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે.

મળતી માહિતી મુજબ વડોદરાના સોમા તળાવ વિસ્તારના લીમડી ફળિયાના રહેવાસી રોહિત વસાવા, હર્ષલ જગતાપ, સાહિલ નઝીર મલેક અને જયદીપ મૂળજી રાઠોડ કારમાં બેસીને રાજપીપળા નજીક આવેલા બાર વણઝાર ધોધની મુલાકાતે ગયા હતા. દિવસભર ધોધ ખાતે સમય વિતાવ્યા બાદ સાંજના સમયે ચારેય મિત્રો વડોદરા પરત ફરી રહ્યા હતા. દરમિયાન બાર વણઝાર ગામ નજીક પસાર થતી કેનાલ પાસે કાર ચલાવી રહેલા રોહિત વસાવાએ અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. પરિણામે કાર રોડ પરથી ઉતરી સીધી કેનાલના ઊંડા પાણીમાં ખાબકી હતી.

કારમાંથી બહાર નીકળવામાં સફળ થયેલા રોહિત વસાવાને તરતા ન આવડતાં તેઓ કેનાલના વહેતા અને ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં રાજપીપળા નગરપાલિકાની ફાયર ટીમ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. કલાકો સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ ફાયર વિભાગે રોહિત વસાવાનો મૃતદેહ શોધી બહાર કાઢ્યો હતો.

ઘટનાની જાણ થતાં મૃતકના પરિવારજનો રાજપીપળા દોડી આવ્યા હતા. યુવાન પુત્રના અચાનક મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પોલીસે ક્રેનની મદદથી કેનાલમાંથી કાર બહાર કાઢી અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ ત્રણ યુવકોના જીવ બચાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર ચંદન દેવા વસાવાની સ્થાનિકો અને બચી ગયેલા યુવકોના પરિવારજનો દ્વારા પ્રશંસા કરવામાં આવી રહી છે.

### સ્થાનિક યુવક ચંદનની બહાદુરીથી હર્ષલ, જયદીપ અને સાહિલને મળ્યું નવજીવન

કાર પાણીમાં પડતાં જ અંદર બેઠેલા યુવકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. મદદ માટેની બૂમો સાંભળીને નજીકના બાર વણઝાર ફળિયામાં રહેતા ચંદન દેવા વસાવા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે સમયસૂચકતા અને હિંમત દાખવી દોરડાની મદદથી હર્ષલ જગતાપ અને જયદીપ રાઠોડને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. આ દરમિયાન સાહિલ મલેક પણ પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો. તેને બચાવવા માટે ચંદન દેવા વસાવા પોતાનો જીવ જોખમમાં મૂકીને કેનાલમાં કૂદી પડ્યા હતા અને ભારે જહેમત બાદ તેને પણ સલામત બહાર લાવવામાં સફળ રહ્યા હતા.

### ચેક બાઉન્સ થયા બાદ મુંબઈના વેપારી સાથે કોર્ટ સમજૂતી છતાં રૂપિયા ન આપ્યા

# કેમિકલના કરોડોના ખેલમાં વડોદરાના વેપારીઓનુ કૌભાંડ, ૨.૪૮ કરોડની ઠગાઈ

**પોસ્ટ** ડેટેડ ચેક અને પેમેન્ટની ગેરંટી આપી મંગાવ્યો કરોડોનો માલ, ચેક બાઉન્સ થતાં કોર્ટ કેસ બાદ પણ ન ચૂકવી બાકી રકમ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના ચાર વેપારીઓએ કેમિકલ ટ્રેડિંગના નામે મુંબઈના એક વેપારી સાથે રૂ.2.48 કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. મુખ્ય આરોપી દીપેશ ઠક્કરે પેમેન્ટની સંપૂર્ણ જવાબદારી લેવાની ખાતરી આપી કરોડો રૂપિયાનુ કેમિકલ મંગાવ્યુ હતુ. જોકે આપેલા ચેક બાઉન્સ થયા બાદ કોર્ટમાં સમજૂતી કરીને છતા બાકી રકમ નહીં ચૂકવતા આખરે વડોદરા ડીસીબી પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મુંબઈના મલાડ વિસ્તારમાં રહેતા અને 'અર્થ એન્ટરપ્રાઈઝ' નામે કેમિકલનો વેપાર કરતા રિષભ પ્રમોદ પોદ્દારે નોંધાવેલી ફરિયાદ અનુસાર, વર્ષ 2022 દરમિયાન વડોદરાના વેપારી દીપેશ સુરેશભાઈ ઠક્કર તેમના સંપર્કમાં આવ્યા હતા. દીપેશે પોતાની ફર્મ ઉપરાંત તેના પરિચિત વેપારીઓ જીગ્નેશ કાંતિલાલ પરમાર, પિયુષ સોલંકી અને હસમુખભાઈ પરમાર માટે પણ કેમિકલ ખરીદવાની વાત કરી હતી. સાથે તમામ પેમેન્ટની જવાબદારી પોતાની હોવાનું કહી વિશ્વાસ સંપાદન કર્યો હતો. વિશ્વાસમાં આવી તેમણે અલગ-અલગ તબક્કે લાખો કિલો કેમિકલ સપ્લાય કર્યો હતો. માલના પેમેન્ટ પેટે આરોપીઓએ આપેલા ચેક જાન્યુઆરી-2023માં બેંકમાં રજૂ કરાતા ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી બાઉન્સ થયા હતા. ત્યારબાદ ફરિયાદીએ મુંબઈની મજગાવ કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 હેઠળ કેસ દાખલ કર્યો હતો. કોર્ટ કાર્યવાહી દરમિયાન દીપેશ ઠક્કર અને જીગ્નેશ પરમારે લેખિત સમજૂતી કરીને કુલ રૂ.2.78 કરોડ ચૂકવવાની બાહેંધરી આપી હતી. જેમાં પ્રથમ હપ્તા તરીકે રૂ.30 લાખની ચુકવણી કરવામાં આવી હતી, પરંતુ બાકીની રૂ.2.48 કરોડની રકમ ચૂકવવામાં આવી નહોતી. વારંવાર ઉઘરાણી છતાં રકમ નહીં ચૂકવાતા આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. જેના આધારે વડોદરા ડીસીબી પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### MSU કોમર્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓનો હોબાળો

# બીકોમ ઓનર્સને બદલે બિઝનેસ ઓપરેશન્સમાં પસંદગી થતા ૪૦૦થી વધુ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત

**વિદ્યાર્થી** આગેવાન પંકજ જયેસ્વાલની આગેવાનીમાં સૂત્રોચ્ચાર સાથે રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી ખાતે આજે ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયનના નેતા પંકજ જયેસ્વાલની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ ભારે સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

વર્ષ 2026માં MSUની કોમર્સ ફેકલ્ટીમાં બીકોમ હોનર્સ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા 400થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા જીકાસ પોર્ટલ પર ભૂલથી બીકોમ બિઝનેશ ઓપરેશન્સ કોર્સની પસંદગી થઈ ગઈ હતી. જેના કારણે અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે



તેઓએ બીકોમ હોનર્સ માટેની એન્ટ્રન્સ પરીક્ષા આપી છે તેમજ ધોરણ-12 બોર્ડની પરીક્ષામાં 45 ટકાથી વધુ ગુણ પણ મેળવ્યા છે. તેમ છતાં ટેક્નિકલ ભૂલના કારણે તેઓ ઈચ્છિત કોર્સમાં પ્રવેશથી વંચિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

આ મુદ્દે ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયનના પંકજ જયેસ્વાલ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કોમર્સ ફેકલ્ટીના ડીન સમક્ષ રજૂઆત કરી હતી અને બીકોમ બિઝનેશ ઓપરેશનમાંથી બોકોમ ઓનર્સમાં પ્રવેશ ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. રજૂઆત બાદ ફેકલ્ટીના ડીને વિદ્યાર્થીઓને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે તમામ અરજીઓ પર ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવશે અને શક્ય તેટલી વહેલી તકે વિદ્યાર્થીઓને યોગ્ય કોર્સમાં પ્રવેશ અપાવવા પ્રયાસ કરવામાં આવશે.

### 'વિશ્વ રક્તદાતા દિવસ' : છેલ્લા ૬ મહિનાથી બ્લડ બેંકોની સ્થિતિ વણસી

# બ્લડ બેંકોમાં સ્ટોક તળીયે : શહેરમાં લોહીની 50% અછત


**મધ્યમ** અને ગરીબ વર્ગના પરિવારો મુશ્કેલીમાં, ખાનગી બ્લડ બેંકો દ્વારા ઉઘાડી લૂંટ ચલાવાતી હોવાની બૂમો ઉઠી

(પ્રતિનિધિ) વડોદરા. તા.13

14 જૂને સમગ્ર વિશ્વમાં 'વિશ્વ બ્લડ ડોનેશન દિવસ' ની ઉજવણી થવાની છે, પરંતુ તેના પૂર્વે જ વડોદરામાંથી એક અત્યંત ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. છેલ્લા છ મહિનાથી વડોદરા શહેરની તમામ પ્રાઈવેટ બ્લડ બેંકો તેમજ સરકારી હોસ્પિટલોની બ્લડ બેંકોમાં લોહીની ભારે અછત જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, હાલમાં સરકારી અને ખાનગી બ્લડ બેંકોમાં લોહીનો સ્ટોક સામાન્ય કરતાં ૫૦% જેટલો ઓછો થઈ ગયો છે. થેલેસેમિયા પીડિત બાળકો, ગર્ભવતી મહિલાઓ અને કટોકટીના ઓપરેશન વાળા દર્દીઓ માટે લોહી મેળવવું લોઢાના ચણા ચાવવા સમાન બન્યું છે. રક્તના અભાવે ઈમરજન્સી ઓપરેશનો પાછા ઠેલાવાની નોબત. સરકારી હોસ્પિટલોમાં પણ જરૂરિયાત સામે સ્ટોક ખૂબ જ ઓછો. બ્લડ ડોનેશન ડે ના આગલા દિવસે જ વડોદરામાં 'રક્ત કટોકટી'.

આ ગંભીર અછતનો ગેરલાભ ઉઠાવીને કેટલીક પ્રાઈવેટ બ્લડ બેંકો દ્વારા દર્દીઓના સગા પાસેથી મોટી રકમ વસૂલીને બ્લડ આપવામાં આવતું હોવાની વ્યાપક બૂમો ઉઠી છે. સામાન્ય રીતે પ્રોસેસિંગ ફીના નામે લેવાતી રકમ કરતા અનેક ગણા વધુ રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે. જેના કારણે ગરીબ અને મધ્યમ



વર્ગના પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ સ્વજનની જિંદગી બચાવવાની ચિંતા અને બીજી તરફ બ્લડ બેંકોની આકરી માંગ વચ્ચે સામાન્ય નાગરિક પીસાઈ રહ્યો છે. સામાજિક સંગઠનો દ્વારા તંત્ર આ બાબતે કડક તપાસ કરે તેવી માંગ પણ ઉઠાવવામાં આવી છે. તંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ અછતને પહોંચી વળવા માટે આગામી દિવસોમાં મોટા પાયે રક્તદાન કેમ્પનું આયોજન કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે. બ્લડ બેંકોના કાળાબજારિયાઓ સામે પણ પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

શહેરમાં ચાલી રહેલી લોહીની આ ગંભીર તંગીને ધ્યાને રાખીને આજે વિવિધ સામાજિક કાર્યકરો દ્વારા નાગરિકોને અચૂક બ્લડ ડોનેશન કરવાનો સંદેશ પાઠવવામાં આવ્યો છે. રક્તદાન એ જ મહાદાન છે અને તેનાથી કોઈનો કિંમતી જીવ બચાવી શકાય છે. આવતીકાલે વિશ્વ બ્લડ ડોનેશન દિવસ નિમિત્તે વડોદરાના યુવાનો અને સ્વસ્થ નાગરિકો સ્વેચ્છાએ રક્તદાન કેમ્પમાં જોડાય તેવી નમ્ર અપીલ કરાઈ છે. યુવાનો વધુમાં વધુ રક્તદાન કરે જેથી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર અને વ્યાજબી દરે લોહી મળી રહે અને વડોદરા ફરી એકવાર માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી શકે.

### વડોદરા નજીક NH-48 પર 100 મીટર સુધી ઢસડતાં સ્થળ પર જ મોત

# આઈસરનો એક્સલ તૂટતાં નીચે ઉતરેલા ચાલકને પાછળથી અન્ય ટેમ્પોએ ઉડાવ્યો

**કપુરાઈ** પોલીસે અકસ્માત સર્જનાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા. તા.13

વડોદરા શહેરના દરજીપુરા નજીક નેશનલ હાઈવે નં. 48 પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં 28 વર્ષીય ટેમ્પો ચાલક વિકીભાઈ પટેલનું મોત નીપજ્યું છે. પોતાના ટેમ્પોનો એક્સલ તૂટી જતાં તેઓ વાહન ચેક કરી રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા અન્ય આઈસર ટેમ્પોએ ટક્કર મારતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

માહિતી મુજબ, વિકીભાઈ પટેલ પોતાના આઈસર ટેમ્પો સાથે હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન દરજીપુરા નજીક ટેમ્પોનો એક્સલ તૂટી જતાં તેમણે વાહન રોડની સાઈડમાં ઊભું રાખી તેની તપાસ શરૂ કરી હતી. તે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવેલા અન્ય એક આઈસર ટેમ્પાના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ઊભેલા ટેમ્પોને ધડાકાભેર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે ટેમ્પો અંદાજે 100 મીટર સુધી રોડ પર ઘસડાયો હતો. ટેમ્પો પાસે ઊભેલા વિકીભાઈ




ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. યુવાન પુત્રના મોતથી પરિવાર પર શોકની લાગણી છવાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં ડાયલ-112ની ટીમ અને કપુરાઈ પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ટ્રાફિક વ્યવસ્થિત કરી અકસ્માતગ્રસ્ત વાહનો હટાવ્યા હતા. કપુરાઈ પોલીસે અકસ્માત સર્જનાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.